# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિટા દવે** વાંચે છે.

---

1. **ગાંધીનગર સાયબર ગુના શાખાએ સૌથી મોટી ડિજીટલ ધરપકડનો ભેદ ઉકેલ્યો.**
2. **જામનગરના વાંકીયા ગામમાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જતાં ત્રણ બાળકો મોત.**
3. **અમદાવાદ શહેર પોલીસે ભિક્ષાવૃતિ સાથે જોડાયેલા 51 બાળકોને બચાવ્યા.**
4. **રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 134 તાલુકામાં વરસાદ-આજે પૂર્વ-મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી**
5. **રાજ્ય કક્ષાની "અસ્મિતા"-ખેલો ઇન્ડિયા યોગાસન લીગમાં ઋચા ત્રિવેદી વેસ્ટઝોન માટે ક્વાલિફાય થયા.**

----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DIGITAL ARREST

ગાંધીનગર સાયબર ગુના શાખાએ સૌથી મોટી ડિજીટલ ધરપકડનો ભેદ ઉકેલ્યો છે. ગાંધીનગરની મહિલા તબીબને એક ટુકડી દ્વારા ત્રણ મહિના સુધી ડિજિટલ ધરપકડમાં રાખવામાં આવી હતી.

જેમાં તેની સામે **FEMA** અને **PMLA** કાયદા હેઠળ કેસ નોંધવાની ધમકી આપી આ ટુકડીએ વિવિધ રીતે તેણીના ખાતામાંથી 19 કરોડ રૂપિયાથી વધુની રકમ ઉપાડી લીધી હતી.

આ મામલે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે સાયબર ગુના શાખાના અધિક્ષક ધર્મેન્દ્ર શર્માએ વધુ માહિતી આપી.

**(બાઇટ: ધર્મેન્દ્ર શર્મા, SP - સીઆઈડી સાયબર સેલ)**

---

# JAMNAGAR DEATH

જામનગરના ધ્રોલ તાલુકાના વાંકીયા ગામમાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જતાં ખેત મજૂર પરિવારના ત્રણ બાળકો મોત થયાના અહેવાલ છે.

અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને પરિવારજનોએ ત્રણેયને બહાર કાઢી હોસ્પિટલ

**ખસેડયા હતા જ્યાં તબીબે ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. એક સાથે ત્રણ બાળકો મૃત્યુ પામતા ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.**

---

# LS GENIBEN THAKOR

કેન્દ્ર સરકાર રાજ્યનાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનાં જાળવણી અને સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છે.

લોકસભામાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સાંસદ ગેનીબેન ઠાકોરના રાજયના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે પહેલ અંગેના પ્રશ્નનો જવાબ આપતાં આમ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ – ASI ની દેખરેખ અને જાળવણી હેઠળ રાજ્યમાં 205 કેન્દ્રિય રીતે સંરક્ષિત સ્મારકો છે. ASI એ કચ્છ જિલ્લામાં ધોળાવીરા ખાતે એક પુરાતત્વીય સ્થળ સંગ્રહાલય પણ સ્થાપિત કર્યું છે. સંસ્કૃતિ મંત્રાલયે છેલ્લા ત્રણ વર્ષમાં વડનગર ખાતે પુરાતત્વીય અનુભવ સંગ્રહાલયને નાણાકીય સહાય પણ પૂરી પાડી છે.

શ્રી શેખાવતે જણાવ્યું હતું કે , જરૂરિયાત અને સંસાધનોની ઉપલબ્ધતા અનુસાર ASI મોઢેરા સૂર્ય મંદિર , રાણકી વાવ અને ચાંપાનેર-પાવાગઢ જેવા ઐતિહાસિક સ્થળોના સંરક્ષણ અને જાળવણીનું કાર્ય હાથ ધરે છે.

---

# ANTI-BEGGING DRIVE

અમદાવાદ શહેર પોલીસે, માનવ તસ્કરી વિરોધી એકમ અને મહિલા સેલ સાથે મળીને , ગયા અઠવાડિયે ભિક્ષાવૃતિ વિરોધી ઝુંબેશ હાથ ધરી હતી, જેમાં ટ્રાફિક સિગ્નલ અને ખરીદી કેન્દ્રો જેવા વિસ્તારોમાંથી 51 બાળકોને બચાવ્યા હતા. બધા બાળકોની તબીબી તપાસ કરવામાં આવી હતી.

અત્યાર સુધીમાં, કિશોર ન્યાય અધિનિયમ હેઠળ 43 કેસ નોંધાયા છે. આ કામગીરીનો હેતુ બાળ શોષણને રોકવાનો હતો. મહિલા પોલીસ સ્ટેશનના ACP હિમલા જોશીએ આ અંગે વધુ માહિતી આપી.

**(બાઇટ : હિમલા જોશી, ACP)**

---

# DG INSPECTION –BHAVNAGAR

રાજ્યની વિવિધ પોલીસ કમિશ્નર કચેરી અને આઈજી કચેરી ખાતે રાજ્યના પોલિસ વડા દ્વારા દર વર્ષે થતી વાર્ષિક ઇન્સ્પેકશનની કામગીરી અંતર્ગત રાજયના DG વિકાસ સહાય ભાવનગર પહોંચી અધિકારીઓને વિવિધ બાબતે સૂચનાઓ આપી હતી તેમજ કરેલી અને બાકી રહેલી કામગીરી અંગે નોંધ લીધી હતી.

## (બાઇટ - વિકાસ સહાય -ડીજી )

અધિકારીઓ સાથે બેઠક બાદ સરદાર પટેલ ટ્રસ્ટ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને પોલીસ વડા શ્રી સહાયના હસ્તે જરૂરી વાંચન સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---

## BANK OF BARODA MOU -PANCHMAHAAL

પંચમહાલ જિલ્લાના સરકારી કર્મચારીઓના નાણાકીય હિતોને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને બેંક ઓફ બરોડા વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર ( MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ , બેંક ઓફ બરોડા દ્વારા સરકારી કર્મચારીઓને વિશિષ્ટ લાભો સાથે સેલરી એકાઉન્ટની સુવિધા પૂરી પાડવામાં આવશે.

કર્મચારીઓ હવે કોઈપણ પ્રકારના ન્યૂનતમ બેલેન્સની ચિંતા વગર ઝીરો બેલેન્સ એકાઉન્ટ જાળવી શકશે અને તેમને આજીવન ફ્રિ પ્લેટિનમ ડેબિટ કાર્ડ પણ અપાશે. આ સાથે ATM પરથી અમર્યાદિત અને મફત વ્યવહારો કરવાની સ્વતંત્રતા મળશે.

સુરક્ષાની દ્રષ્ટિએ , આ ખાતાધારકોને વિનામૂલ્યે ૧ કરોડ રૂપિયા સુધીનો અકસ્માત મૃત્યુ વીમો અને ૧.૨૫ કરોડ રૂપિયા સુધીનું એક્સિડન્ટ

કવર મળશે. આ ઉપરાંત બેંક લોકરના વાર્ષિક ભાડા પર ૨૫ ટકા સુધીની છૂટ, દોઢ લાખ સુધીની ઓવરડ્રાફ્ટ સુવિધા વિગેરે જેવા અનેક લાભો પણ મળશે.

---

## GUJARAT RAIN

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 134 તાલુકામાં વરસાદ નોંધાયો. જેમાં સુરત જિલ્લાના ઉમરપાડામાં સૌથી વધુ પોણા પાંચ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

જ્યારે છોટાઉદેપુરમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા , છોટાઉદેપુરના પાવીજેતપુર અને દાહોદના ગરબાડા અને તાપી જિલ્લાના સોનગઢમાં 2 ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

ભારે વરસાદને પગલે ડાંગ જિલ્લાની પૂર્ણા , અંબિકા, ખાપરી, ગિરા નદીના જળ સ્તરમાં વધારો થયો છે. દરમિયાન પંચમહાલ જિલ્લાના પાનમ બંધના 3 દરવાજા દોઢ મીટર સુધી ખોલી 19 હજાર 402 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

વરસાદને કારણે રાજ્યમાં અત્યાર સુધી 691 લોકોને બચાવી લેવાયા છે. જ્યારે 4 હજાર 403 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. વરસાદથી

અસરગ્રસ્ત વિસ્તારોમાં **NDRF**ની 12 ટીમ જ્યારે **SDRF**ની 20 ટીમ તૈનાત કરવામાં આવી છે.

---

## WEATHER FORECAST

પૂર્વ-મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દાહોદ , પંચમહાલ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાની હવામાન વિભાગના નિયામક ડો એકે દાસે જણાવ્યુ હતું.

**(બાઇટ: એકે દાસ, નિયામક, હવામાન વિભાગ )**

---

## ASMITA KHELO INDIA

રાજ્ય કક્ષાની "અસ્મિતા"-ખેલો ઇન્ડિયા યોગાસન લીગમાં ઋચા ત્રિવેદી પ્રથમ ક્રમાંક સાથે સુવર્ણ ચંદ્રક મેળવી વેસ્ટઝોન માટે ક્વાલિફાય થયા.

**સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના માર્ગદર્શન યોજાયેલી આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાવનગરની 14 વર્ષીય ઋચા ત્રિવેદીએ અન્ડર-18 વયજૂથ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું. તે હવે અસ્મિતા-ખેલો ઇન્ડિયા વેસ્ટઝોન, સ્કૂલ ગેમ, ડિસ્ટ્રિક્ટ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા જશે.**

---

## PMVBRY

**'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' વિશે નોકરીદાતાઓમાં જાગૃતિ ફેલાવવા માટે ગઇકાલે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.**

**પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર અભિષેક ગુપ્તા ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં સમગ્ર રાજ્યના 42 નોકરીદાતાઓને આ યોજના અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.**

---